# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

**ધો.૧૨(વિજ્ઞાન પ્રવાહ) માર્ચ-૨૦૨૩ પરીક્ષાના પરિણામની ગુણચકાસણી, અવલોકન અને OMR COPY તથા રિપોર્ટ અંગે**

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-૨૦૨૩ પરીક્ષાનું પરિણામ તા.૦૨/૦૫/૨૦૨૩ ના રોજ જાહેર થયેલ હતું. પરિણામ બાદ ગુણચકાસણી, ઉત્તરવહી અવલોકન અને OMR COPY મેળવવા માટે નિયત સમયમર્યાદામાં મળેલ અરજીઓ પરત્વે ચકાસણીની પ્રક્રિયાને અંતે થયેલ આખરી સુધારા(Change/No Change) દર્શાવતો રીપોર્ટ, OMR Copy અને વેરીફીકેશન રિપોર્ટ બોર્ડની વેબસાઇટ પર ઓનલાઇન મૂકવામાં આવેલ છે. અરજી કરેલ ઉમેદવારે પોતાનો રિપોર્ટ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** અથવા **sci.gseb.org** પરથી તા.૧૬/૦૬/૨૦૨૩ થી તા.૨૬/૦૬/૨૦૨૩ સુધી તેમના દ્વારા કરવામાં અરજીની વિગતો (બેઠક નંબર, મોબાઈલ નંબર અને પાસવર્ડ) એન્ટર કરી, લોગ-ઇન થઇ, ઓનલાઇન ડાઉનલોડ કરવાનો રહેશે.

વધુમાં જણાવવાનું કે અવલોકન/ગુણચકાસણી બાદ જે વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો થયેલ હોય તે વિદ્યાર્થીઓના ગુણપત્રક/પ્રમાણપત્ર સંબંધિત શાળાઓને મોકલી આપવામાં આવશે. શાળાઓએ આ ગુણપત્રક/પ્રમાણપત્ર સંબંધિત વિદ્યાર્થીઓને સત્વરે વિતરણ કરી, તેમની પાસેથી અગાઉ મળેલ ગુણપત્રક/પ્રમાણપત્ર પરત મેળવી બોર્ડની કચેરીએ 'ક' શાખામાં જમા કરાવવાના રહેશે. અવલોકન/ગુણચકાસણી બાદ જે વિદ્યાર્થીઓ એક અથવા બે વિષયમાં અનુત્તીર્ણ રહેતા હોય અને પૂરક પરીક્ષાને પાત્ર થતા હોય તેવા વિદ્યાર્થીઓની બેઠક નંબર અને નામ સાથેની યાદી શાળાના લેટરહેડ પર તૈયાર કરી જરૂરી પરીક્ષા ફી(જો ભરવાપાત્ર હોય તો)નો **સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના** નામે ડિમાન્ડ ડ્રાફ્ટ કઢાવી, જરૂરી દસ્તાવેજો સાથે મદદનીશ સચિવ(વિજ્ઞાન પ્રવાહ)ના નામે રજિસ્ટર્ડ પોસ્ટથી અથવા રૂબરૂમાં તા.૨૬/૦૬/૨૦૨૩ સુધીમાં મોકલી આપવાના રહેશે. સરકારશ્રી દ્વારા કન્યા અને દિવ્યાંગ ઉમેદવારોને પરીક્ષા ફી માંથી મુક્તિ આપેલ હોઇ તેમની ફી લેવાની થતી નથી પરંતુ પૂરક પરીક્ષા માટે આવેદનની વિગતો મોકલવી ફરજિયાત છે.

ઉમેદવારોએ ગુણચકાસણી રીપોર્ટ, OMR COPY અને વેરીફીકેશન રિપોર્ટ ફક્ત ઓનલાઇન માધ્યમથી જ ડાઉનલોડ કરવાના રહેશે. શાળા કે વિદ્યાર્થીઓને જવાબ ટપાલ દ્વારા મોકલવાની પદ્ધતિ અમલમાં નથી. જેની શાળાના આચાર્યશ્રી, વાલી તથા તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવા વિનંતી.

નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ:-૧૬/૦૬/૨૦૨૩
સ્થળ :- ગાંધીનગર